SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 58. સાગરકાંઠાના લોકોનું લોકસાહિત્ય

અશ્વિન વી. વાઢેળ

સારાંશ:-
ભારત દેશ વિશાળ ભૂમિભાગ પર પથરાયેલો છે જેમાં વિવિધ સંસ્કૃતિઓ જન્મી અને વિકાસ પામી. ભારતમાં અનેક પ્રદેશોનો ગૌરવવંતો ઇતિહાસ મળે છે. ગુજરાતનાં સાગરકાંઠામાં વસતો ખારવા સમાજ અને તેમાય ગીર સોમનાથના વિસ્તારના દરિયાકાંઠાના ખારવા સમાજની વાત કરવામાં આવી છે. સાગરકાંઠાના ખારવા સમાજની વિશેષતાઓ બધાથી અલગ પડે છે તેમનો વ્યવસાય માછીમારી એટલે દરિયોજ તેમનું ખેતર અને આજીવિકા છે. તેથી તેઓ સાગરખેડુ તરીકે ઓળખાય છે. તેમની સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, ભાષાકીય, સાહિત્યિક વગેરેની છણાવટ કરવામાં આવી છે.

જગતની ધરતી પર અનેક સંસ્કૃતિઓ વિકસી તેમજ એક ય બીજી રીતે પનપી અને અનેક સ્વરૂપે તત્કાલીન સમયમાં ઠરીઠામ બની, એવી વિવિધ સંસ્કૃતિઓ અનેક દેશોમાં વસે છે. તેમાં વિવિધ સંસ્કૃતિઓનો દેશ એટલે ભારત દેશ જે વિશાળ ભાગ પર વિસ્તરેલો છે જે એક આગવી ઓળખ તરીકે નવાજયો છે. ભારતના અનેક પ્રદેશોનો ગૌરવવંતો ઇતિહાસ, ખાન- પાન, રીત – રિવાજો, રહન- સહન વગેરે ભાતીગળ સંસ્કૃતિઓમાં વિવિધતા જોવા મળે છે. ભારતના પશ્ચિમ દિશામાં આવેલું ગુજરાત રાજ્ય અને તેનો સાગર કાંઠો વિશાળ અને હરિયાળો પ્રદેશ છે તેમની વનરાજી મનને મોહી લેનારી છે.

ભારતનો સાગરકાંઠો વિશાળ છે. તેમાય ગુજરાતનો સાગરકાંઠો વિશાળ તેમજ 1600 કી.મી. જેટલો વિસ્તાર ધરાવે છે. છેક કચ્છ થી લઈને વલસાડ મહારાષ્ટ્રની સરહદ સુધી પથરાયેલો છે. સાગરકાંઠા પર ઘણી માનવ સંસ્કૃતિઓ વિકાસ પામી ત્યાં વસતી દરેક સમાજની આગવી અને અગત્યની ઓળખ છે. તેમાં સાગરકાંઠાના ખારવા સમાજની વિશેષતાઓ બધાથી અલગ પડે છે તેમનો વ્યવસાય માછીમારી એટલે દરિયોજ તેમનું ખેતર અને આજીવિકા છે. તેથી તેઓ સાગરખેડુ તરીકે ઓળખાય છે. તે પોતાની સાહસિકતા, નીડરતા, જીવનશૈલી એમના જીવનના વિવિધ પાસાઓ જેવા કે આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક, શૈક્ષણિક એ બધા એમના વ્યવસાયના આધારે જોડાયેલા છે. આ સમજે એક આગવી અસ્મિતા જાળવી રાખી છે. મારા પી.એચડી સંશોધન ક્ષેત્રના ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર, વેરાવળ, ઉના વિસ્તારના મુલાકાત પધ્ધતિ તેમજ મારા વતન નજીક વિસ્તાર હોવાથી આ પ્રસ્તુત લેખ તૈયાર કર્યો છે.

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ, ઉના અને કોડીનાર નો સાગરકાંઠો રળિયામળો ચારે બાજુ લીલોતરી – વનરાજીથી ઘેરાયેલો વિસ્તાર છે, તેના સાગરકાંઠાઓમાં ખારવા સમાજની વસ્તી ઘણી છે જે પોતાનો વ્યવસાય માછીમારી કરી ગુજરાન કરે છે.

ખારવા સમાજનું લોકજીવન :-

ખારવા સમાજ મુખ્યત્વે દરિયાઈ કાંઠા વિસ્તારમાં બંદર પાસે તેમની વસાહત હોય છે. જે દરિયામાં માછીમારી કરી આજીવિકા મેળવે છે. જેમાં વેરાવળ મુખ્ય બંદર છે. તેમાં વેરાવળ શહેર, ભીડીયા, સોમનાથ –પ્રભાસ પાટણ , કોડીનાર વિસ્તારમાં મૂળદ્વારકા , કોટડા , માઢવાડ, અને ઉના વિસ્તારમાં નવાબંદર – સૈયદ રાજપરા, ઉના શહેર તેમજ છૂટા – છવાયા રહે છે. ખારવા શબ્દ 'ખાળવા' અથવા ખરું પાણી કાળક્રમે અપભ્રંશ થઈ 'ખારવા' શબ્દ પ્રચલિત થયો હશે. તેમને માછીમાર કે ટંડેલ વગેરે નામથી પણ ઓળખાય છે. ખારવા સમાજ પહેલેથીજ દરિયા કિનારે વસવાટ કરતો હોવાથી વિકસિત સમાજથી ભિન્નતા ધરાવે છે. તેથી તેમનું જીવન, રીત – રિવાજો, સાંસ્કૃતિક જીવન વગેરેની સ્થિતિ આસપાસના વાતવારણને અનુલક્ષીને જોવા મળે છે.

સામાજિક જીવન :-

ખારવા સમાજનું સામાજિક જીવન તેમની સમાંજ વ્યવસ્થાનું આગવું પાસું છે. ખારવા સમાજનો મુખ્ય વ્યવસાય માછીમારી છે. એટલે તેઓ હોડી, બોટ. વહાણથી દરિયામાં માછીમારી કરે છે. એટલે દીરયામાં જવાનું હોય કે નવા ધંધાની શરૂઆત કરવાની હોય તો તેનું પૂજન કરવું, સગી લગ્ન, જન્મ , મૃત્યુ, દેવી દેવતાઓની પુજા અર્ચના કરતાં હોય છે. તેઓનું જીવન અત્યંત સંઘર્ષ ભર્યું હોય છે. તેથી ભગવાન

પ્રત્યે અતૂટ શ્રધ્ધા રાખે છે, કારણકે દરિયામાં જાય ત્યારે એક અઠવાડિયું કે પંદર દિવસ સુધી રહે છે. દરિયાઈ તોફાનનો સામનો કરીને પણ ધંધો કરે અને ઘરે પાછા આવે તે નક્કી હોતું નથી તેથી દરિયો જ તેમનો દરિયાઈ દેવ માને છે.

બાળકનો જન્મ થયા પછી તેમના કુળ દેવતાની પુજા કરે છે. ત્યાર પછી છઠ્ઠી – નામકરણની વિધિ કરવામાં આવે છે. છોકરા – છોકરીમાં કોઈ ભેદ રાખતા નથી જે રિવાજ હોય છે તે પ્રમાણે જ કરવામાં આવે છે. સીમંતની વિધિમાં સ્ત્રીને ગર્ભ રહ્યા પછી પાંચમા, સાતમા મહિને સીમંતની વિધિ કરવામાં આવે છે. જેને 'ખોળો' ભરવો કહે છે ખોળાની વિધિ અખોવન સ્ત્રી કે જેનું કોઈ સંતાન મર્યું ન હોય તેવી સ્ત્રી વિધિ કરે છે. જે સ્ત્રીના ખોળામાં નારિયેળ, ચોખા વગેરે મૂકવામાં આવે ને કંકુનો ચાંદલો તેમજ કંકુ થાપા કરવામાં આવે છે. બાળકના જન્મ થયા પછી વાળ ઉતારવાની વિધિ ત્રણ મહિના કે પાંચેક વર્ષ સુધીમાં કરવામાં આવે છે. લગ્ન – વિવાહ ખારવા સમાજમાં અનેરો ઉત્સવ છે. જે અન્ય સમાજ કરતાં અલગ પડે જેમ કે તેઓને મુહર્ત પ્રમાણે હોતા નથી તેઓ પોતાના કામ ધંધાના નવરાસની પળોમાં લગ્ન કરે જે અષાઢ મહિનામાં તેઓના લગ્નની મોસમ હોય છે. અત્યારે થોડા લોકો બીજા માહિનાઓમાં લગ્ન કરે છે. તેઓ પુખ્ત વયના થાય ત્યારે જ લગ્ન કરે છે. લગ્નનું ક્ષેત્ર પણ મર્યાદિત હોય છે .તેમાં કોળી ખારવા, ખારવા અને ઘોઘલીયા ખારવા તેઓ પોત પોતાના સમાજમાં લગ્ન કરે છે. આ સમાજમાં જ્ઞાતિ પંચ મહત્વનુ છે. આ સમાજમાં છૂટાછેડાનું પ્રમાણ ઓછું છે. જે તેના પંચો –પટેલના કડક કાયદાનું પાલન કરવું જરૂરી છે. આમ, ખારવા સમાજનું સામાજિક જીવન અગત્યનું છે.

ધાર્મિક જીવન :-

ખારવા સમાજનું ધાર્મિકતાનું ઘણું મહત્વનું છે. તેમની માન્યાતાઓ, વિધિઓ, ક્રિયાઓ, સમસ્યાઓ, અણધારી આફતો, વગેરે માટે મદદરૂપ બને છે. ખારવા સમાજ સનાતન હિન્દુ ધર્મમાં માણતો સમાજ છે. તેઓનું જીવન દરિયા સાથે રક્ષણ મેળવવા ઊંડી શ્રધ્ધા ધરાવે છે. તેઓ ઉપવાસ, વ્રતો, માનતાઓ – બાધાઓ કરે છે. તેઓ બીજાના દોરવાયા અંધશ્રધ્ધામાં પડી જતાં હોય છે. તેઓ દેવી –દેવતાઓ, પિતૃપુજા , મંત્ર- તંત્ર, ભૂત પ્રેત વગેરેમાં મને છે. તેમજ પ્રકૃતિના દેવો, દરિયાદેવ, સૂર્યદેવ, ચંદ્રદેવ, વીજળી, મેઘ, ખેતરપાળ વગેરેમાં મને છે.

સાંસ્કૃતિક જીવન :-

ખારવા સમાજનું સાંસ્કૃતિક જીવન અન્ય સમાજ કરતાં અલગ પડે છે. તેઓના ખાન-પાન, રહન સહન, રીત રિવાજો વગેરે તેઓની ભાતીગળ સંસ્કૃતિમાં વિવિધતા જોવા મળે છે. તેઓમાં ધાર્મિકતા છે પણ ઉત્સવ પ્રિય છે. તેઓ ઉત્સવો પકૃતિના તત્વોને અનુલક્ષને ધ્યાનમાં રાખીને ઉજવે છે. તેઓ દરિયાને દેવ તરીકે મને છે. હોળી- હુતાસણીનો ટેવર ધામધુમથી ઉજવે છે આ તહેવારમાં તેઓને કામ કાજથી થોડી નવરાશ મળે છે. તેને તેઓ ફાગ કહે છે. ચૈત્ર માસમાં વેરાવળમાં મેળો ભરાય છે. અખાત્રીજના તેઓ દરિયાદેણું પૂજન કરે છે. કોડીનાર મૂળદ્વારકા ખાતે મેળો ભરાય છે. આમ જોવા જઈએ તો તેઓ જેઠ માસમાં નવરાશ મળે છે અને જેઠ માસની અગિયારસથી તેમના ઉત્સવની શરૂઆત થાય છે. આગિયારસનું ખુબજ મહત્વ હોય છે。 અષાઢી સુદ બીજ એટ્લે કે અષાઢી બીજ તેઓ મનાવે છે. ખારવા સમાજ રામદેવપીરની પુજા કરે છે. શ્રાવણ માસમાં નાગ પાંચમ, શીતળા સાતમ, જન્માષ્ટમી મનાવે છે. તેમજ રક્ષાબંધનમાં નારિયેરી પુનમમાં 'સાગરપુજન' દરિયાયદેવનું પૂજન કરે છે. બધા સરઘસ કાઢી દરિયા કિનારે બેસી નાળિયેર –શ્રીફળ દરિયામાં પધરાવે છે. દરિયા સાથે તેમનો આત્મીય ભાવ પ્રગટ થાય છે અને ત્યારથી તેઓ નવા વર્ષની જેમ દરિયો ખેડવા માછીમારીની શરૂઆત કરે છે. તે વખતે પણ વેરાવળમાં મેળો ભરાય છે. તેમજ ઉનાના દેલવાડા પાસે પ્રયાઘાતે મેળો ભરાય છે. ઋષિપંચમીના દિવસે તેઓ દરિયા કિનારે માતાજીની પુજા કરે છે અને દરિયાદેવનો માંડવો પણ કરે છે. આમ, તેઓ ખરેખર પોતાના કામ કાજની સાથે પ્રકુતિ સાથે જોડાયેલા અને ઉત્સવો મનાવે છે.

આર્થિક જીવન :-

ખારવા સમજણો મુખ્ય વ્યવસાય માછીમારી અને વહાણવટાનો છે દરિયામાં માછીમારી કરવા પુરુષો જાય એટલે તેઓ 8 દિવસ કે 15 દિવસ સુધી દરિયામાં રહે છે તેઓની આર્થિક સ્થિતિ એકંદરે મધ્યમ હોય છે. ખારવા સમાજની સ્ત્રીઓની વ્યવસાયમાં મહત્વની ભાગીદારી જોવા મળે છે. તેઓ માછલી વેચવા બજારમાં જાય છે તો કોઈ સ્ત્રી સૂકી માછલી પણ વેચે પોતાનું ગુજરાન ચાલવા માટે બહારગામ પણ વેચવા જાય છે. પુરુષો માછલી પકડી ને આવે ને સ્ત્રી વેચવા જાય છે. અત્યારના સમયમાં તેઓ કંપનીઓમાં પોતાનો માલ વેચે છે. તેથી તેઓને સારું એવું આર્થિક વળતર મળે છે. સરકારી યોજનાઓ પણ તેઓના ધંધાને આગળ વધારવા માટે ઉપયોગી થાય છે. તેઓમાં શિક્ષણની સ્થિતિ પણ સારી છે પણ સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

ખારવા સમાજ એ દરિયો ખેડનારી પ્રજા છે. જોઈએ તો 12 માસમાં તેઓ 8 માસ દરિયામાં જ રહે છે તેઓ જોખમ ભરેલી જિંદગીમાં અન્ય સમુદાય કરતાં વધારે ધબકતું જીવન જીવે છે અને તેઓ હમેશા ખુશ રહતા હોય છે. તેમના નાના છોકરાઓને પાણીમાં તરતા શિખાડે ત્યારે દરિયામાં લઈ જાય છે જાણે દરિયાને અર્પણ કરી દે આવું લાગે છે એટલે દરિયોજ તેમનો આરાધ્ય દેવ છે. તેઓમાં લોક

કથાઓ, શૌર્યા કથાઓ, સાહસની કથાઓ, લગ્નગીતો, નૃત્યો વગેરે જેવુ લોકસાહિત્ય જોવા મળે છે. તેમની બોલી પણ અલગ પડે છે. તેમની બોલીનું વૈજ્ઞાનિક સંશોધન થયું નથી, તેમની ભાષા ગુજરાતી ભાષા કરતાં અલગ પડે તેઓની બોલી આમ તોછડી લાગે પણ મીઠી હોય છે તેમની બોલવાની આગવી છટા હોય તેઓ જ્યાં રહે ત્યાની ભાષા તેમના જ લહેકામા બોલે છે અમુક શબ્દો તેમની બોલીમાં વપરાતા નથી. 'ત' ના સ્થાને 'ટ' બોલે 'ળ' ની જગ્યાએ 'ર' બોલે વગેરે શબ્દો જોઈ શકાય છે.

કહેવતો:-
સો વાર કાશીને એક વાર પ્રાચી
બાપનું વહાણ ડૂબવું

શબ્દો:-
લીપા – લઇ લે
થારી – થાળી
ચોપડ – બોટ હોડીને રણવાનું કામ
ખેપણી – હલેસો
હાંડો - દેગડું
ગાગર – દેગડી
દાંતિયો – કાંસકો
દસ્તો – સાંબેલું / ખલ માટે
તાવરી – તાવડી
ફાગ – ફાગણ માસ
હુતાસણી - હોળી
ખેપ કરવી – દરિયાઈ સફર
ટંડેલ – સુકાની /વહાણનો કપ્તાન
ખલાસી – વહાણમાં કામ કરનાર
વાવટો – ધજા
ટેંડિયું – નાની હોડી
ઘાઘરો – ચણિયો
હાડી – સાડી
ધણી – પતિ
બાયડી – પત્ની

વગેરે જેવા શબ્દો કહેવતો જોવા મળે છે. આમ, દરિયાકાંઠાના ખારવા સમાજની સામાજિક, આર્થિક, ધાર્મિક અને સાંસ્કુતિક સ્થિતિ અહી પ્રસ્તુત કરી છે. તેમજ તેમનું સાહિત્ય અને ભાષા અને બોલીનો પરિચય અને માહિતી આપવામાં આવ્યો છે.